**-:: નમુનો-અ ::-**

सत्यमेव जयते

# મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, જી. દેવભુમિદ્વારકા.

## ચુકાદાની તા.૦૮/૦૪/૨૦૨૬

## ફોજદારી કેસ નં. ૧૬૩/૨૦૧૫ આંક-૨૪૭

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | જુગાર ધારા કલમ-૪,૫ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ બી ગુ.ર.નં. ૮૮/૨૦૧૪ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | (૧) નાગાભાઈ અરશીભાઈ કારાવદરા, ઉ.વ. ૩૪,<br>ધંધો-ખેતી, રહે.ભેટકડી, તા.જી.પોરબંદર.<br>(૨) શાહીદભાઈ હુસેનભાઈ વશા, ઉ.વ. ૧૯,<br>ધંધો-ખેતી, રહે.બોખીરા, તા.જી.પોરબંદર.<br>(૩) દેવદાસભાઈ રાજશીભાઈ ઓડેદરા, ઉ.વ. ૫૦,<br>ધંધો-ખેતી, રહે.મીલપરા, પોરબંદર, તા.જી.પોરબંદર.<br>(૪) હીતેશભાઈ નરોતમભાઈ ગોહીલ, ઉ.વ. ૨૫,<br>ધંધો-ધોબીકામ, રહે.બોખીરા, તા.જી.પોરબંદર.<br>(૫) પરબતભાઈ કેશુભાઈ પરમાર **કેસ એબેટ કરેલ છે.**<br>(૬) વિક્રમભાઈ નાગાભાઈ પરમાર, ઉ.વ. ૨૯,<br>ધંધો-ડ્રાઈવીંગ, રહે.છાંયા પંચાયત ચોકી પાસે,<br>તા.જી.પોરબંદર.<br>(૭) ભરતભાઈ ભીમાભાઈ ભુતીયા, ઉ.વ. ૩૨,<br>ધંધો-વેલ્ડીંગ, રહે.બોખીરા, તુમડા પાસે, તા.જી.પોરબંદર.<br>(૮) વિરમભાઈ વસતાભાઈ ચુંદાવદરા **કેસ એબેટ**<br>(૯) કુંજનભાઈ હમીરભાઈ ડાટી **કેસ એબેટ કરેલ છે.**<br>(૧૦) રામભાઈ મશરીભાઈ કડેગીયા, ઉ.વ. ૩૧, |

| | |
|---|---|
| | ધંધો–ખેતી, રહે.ઈશ્વીરીયા, તા.કુતીયાણા, જી.પોરબંદર.<br>(૧૧) રણમલભાઈ લાખાભાઈ ઓડેદરા, ઉ.વ. ૨૮,<br>ધંધો–ખેતી, રહે.છત્રાવા, તા.કુતીયાણા, જી.પોરબંદર.<br>(૧૨) વિજયભાઈ જેન્તીલાલ ભટ્ટ, ઉ.વ. ૨૮,<br>ધંધો–ખેતી, રહે.છાયા વિસ્તાર, ગ્રીન પાર્ક, તા.જી.પોરબંદર.<br>(૧૩) જયેશભાઈ દેવાભાઈ દાંતી, ઉ.વ. ૪૦,<br>ધંધો–સર્વીસ સ્ટેશન, રહે.બોખીરા બાયપાસ,<br>તા.જી.પોરબંદર.<br>(૧૪) દુદાભાઈ દેવાભાઈ ખુંટી, ઉ.વ. ૩૧,<br>ધંધો–ડ્રાઈવીંગ, રહે.બોખીરા બાયપાસ,તા.જી.પોરબંદર.<br>(૧૫) નગાભાઈ હાજાભાઈ રાતીયા, ઉ.વ. ૩૫,<br>ધંધો–ખેતી, રહે.આમદપરા, તા.કુતીયાણા, જી.પોરબંદર.<br>(૧૬) ભીમાભાઈ શામળાભાઈ ખુંટી, ઉ.વ. ૪૧,<br>ધંધો–ખેતી, રહે.છત્રાવા, તા.કુતીયાણા, જી.પોરબંદર.<br>(૧૭) અશોકભાઈ દેવશીભાઈ મોઢવાડીયા, ઉ.વ. ૨૭,<br>ધંધો–ડ્રાઈવીંગ, રહે.કુંભાર વાડો,પોરબંદર, તા.જી.પોરબંદર.<br>(૧૮) રામભાઈ શામળાભાઈ ખુંટી, ઉ.વ. ૩૦,<br>ધંધો–ખેતી, રહે.છત્રાવા, તા.કુતીયાણા, જી.પોરબંદર.<br>(૧૯) લાખા ઉર્ફે લખન રાજાભાઈ ઉર્ફે પોલાભાઈ ઓડેદરા,<br>ઉ.વ. ૩૦, ધંધો–ખેતી, રહે.ખીરસરા, તા.કલ્યાણપુર,<br>જી.દેવભુમી દ્વારકા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી : | વિ.વ.શ્રી આર.એલ.વાઘેલા,<br>વિ.વ.શ્રી એસ.એન.ગૌસ્વામી,<br>વિ.વ.શ્રી આર.વી.વન. |

**–:: નમુનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૧/૧૦/૨૦૧૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૧/૧૦/૨૦૧૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૦૪/૨૦૧૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૨/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થવાની તારીખ | ૦૫/૦૭/૨૦૨૪ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

## -:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાગાભાઈ અરશીભાઈ કારાવદરા | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | જુગાર ધારા કલમ-૪,૫ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | શાહીદભાઈ હુસેનભાઈ વશા | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૩ | દેવદાસભાઈ રાજશીભાઈ ઓડેદરા | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૪ | હીતેશભાઈ નરોતમભાઈ ગોહીલ | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૫ | વિક્રમભાઈ નાગાભાઈ પરમાર | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૬ | ભરતભાઈ ભીમાભાઈ ભુતીયા | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૭ | રામભાઈ મશરીભાઈ કડેગીયા | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૮ | રણમલભાઈ લાખાભાઈ ઓડેદરા | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૯ | વિજયભાઈ જેન્તીલાલ ભટ્ટ | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૧૦ | જયેશભાઈ દેવાભાઈ દાંતી | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૧૧ | દુદાભાઈ દેવાભાઈ ખુંટી | ०१/१०/ २०१४ | ०१/१०/ २०१४ | | નિર્દોષ | -- | -- |
| ૧૨ | નગાભાઈ હાજાભાઈ | ०१/१०/ | ०१/१०/ | | નિર્દોષ | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | રાતીયા | ૨૦૧૪ | ૨૦૧૪ | | | -- | -- |
| ૧૩ | ભીમાભાઈ શામળાભાઈ ખુંટી | ૦૧/૧૦/ ૨૦૧૪ | ૦૧/૧૦/ ૨૦૧૪ | | નિર્દોષ | -- | -- |
| ૧૪ | અશોકભાઈ દેવશીભાઈ મોઢ વાડીયા | ૦૧/૧૦/ ૨૦૧૪ | ૦૧/૧૦/ ૨૦૧૪ | | નિર્દોષ | -- | -- |
| ૧૫ | રામભાઈ શામળાભાઈ ખુંટી | ૦૧/૧૦/ ૨૦૧૪ | ૦૧/૧૦/ ૨૦૧૪ | | નિર્દોષ | -- | -- |
| ૧૬ | લાખા ઉર્ફે લખન રાજાભાઈ ઉર્ફે પોલાભાઈ ઓડેદરા | ૦૫/૧૦/ ૨૦૧૪ | ૦૫/૧૦/ ૨૦૧૪ | | નિર્દોષ | -- | -- |

**-:: નમુનો - ક ::-**

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક-૧૮૬ | પંચ સાહેદ અનિરૂધ્ધસિંહ દિલુભા જાડેજાની જુબાની |
| (૨) | આંક-૧૮૮ | પંચ સાહેદ જગદીશભાઈ મંગાભાઈ ખાવડુની જુબાની |
| (૩) | આંક-૨૪૦ | ફરીયાદી એ.એસ.આઈ.ભાવેશભાઈ ભગવાનજીભાઈ સાગઠીયાની જુબાની |
| (૪) | આંક-૨૪૩ | પોલીસ સાહેદ પો.હે.કોન્સ. હરદાસભાઈ ભીખાભાઈ ચાવડાની જુબાની |

**અ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજોની વિગત |
|---|---|---|
| (૧) | આંક-૧૮૭ | રેઈડ અંગેનું પંચનામું |
| (૨) | આંક-૨૪૧ | જુ.ધા.કલમ-૦૬ મુજબનું વોરંટ |
| (૩) | આંક-૨૪૨ | ફરીયાદ |

**-: ઠ રા વ :-**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:** ગઈ તા.૦૧/૧૦/૨૦૧૪ ના રોજ ૧૭ : ૦૦ વાગ્યે ખીરસરા ગામની સીમમાં આવેલ લાખા રાજા ઓડેદરાની કબ્જા ભોગવટની વાડીએ આરોપીનં.(૧) વાળો પોતાના અંગત ફાયદા માટે બહારથી માણસો ભેગા કરી ગં જીપતાના પતા વડે પૈસાની હારજીતનો તીનપતી રોન પોલીસ નામનો જુગાર રમી રમાડી રોકડા રૂા.૨,૭૭,૮૫૦/- તથા મોબાઈલ ફોન નંગ-૧૯ કિંમત રૂા.૪૫,૫૦૦/- તથા કવાલીસ મોટર કાર-૧ કિંમત રૂા.૪,૦૦,૦૦૦/- તથા મોટર સાઈકલ નંગ-૨ કિંમત રૂા.૪૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તથા આરોપીનં.(૧૯) બાદમાં પકડાઈ જઈ જુગાર ધારા કલમ-૪,૫ મુજબનો ગુન્હો કરેલ હોઈ,જે અનુસં ધાને ફરીયાદ થતાં કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુના રજીસ્ટર નં.૮૮/૨૦૧૪ થી ગુનો દાખલ કરવામાં આવેલ. તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, જુગારધારા કલમ-૪,૫ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપી નં.૧ થી ૪, ૭, ૧૧, ૧૨, ૧૪ થી ૧૮ નાઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, તેઓને ક્રિમી. પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના-મૂલ્યે પૂરા પાડવામાં આવેલ. અત્રેની અદાલત દ્વારા તે આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક-૨૨૨ થી આંક-૨૩૩ સુધી પ્લી લેતાં, તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. તથા અન્ય આરોપીઓ નં.૬, ૧૦, ૧૩, ૧૯ નાઓ વિરુધ્ધ સમન્સ તથા વોરંટ કાઢવા છતાં તેઓ નામ. કોર્ટ સમક્ષ હાજર થયેલ ન હોય, તેઓ વિરુધ્ધ આંક-૧ નીચે સી. આર. પી. સી. કલમ-૨૯૯ મુજબનો હુકમ કરેલ, પરંતુ હુકમ થયા બાદ આરોપી નં.૧૦ નામ. કોર્ટ સમક્ષ હાજર થઈ, પોતાનું વોરંટ રદ કરાવતાં હોય, તેમની હાજરીમાં કેસ ચલાવેલ છે. આમ, આ કામના તમામ આરોપીઓ વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નમુના(ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે એપીપીશ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીનું વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે નોંધવામાં આવેલ અને જેમાં આરોપીએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તે સિવાય આરોપીઓએ સોગંદ ઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે આ કામે કોઈ બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

**–:: મુદ્દાઓ ::–**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૧/૧૦/૨૦૧૪ ના રોજ ૧૭ : ૦૦ વાગ્યે ખીરસરા ગામની સીમમાં આવેલ લાખા રાજા ઓડેદરાની કબ્જા ભોગવટની વાડીએ આરોપીનં.(૧) વાળો પોતાના અંગત ફાયદા માટે બહારથી માણસો ભેગા કરી ગંજીપતાના પતા વડે પૈસાની હારજીતનો તીનપતી રોન પોલીસ નામનો જુગાર રમી રમાડી રોકડા રૂ.૨,૭૭,૮૫૦/–તથા મોબાઈલ ફોન નંગ–૧૯ કિંમત રૂ.૪૫,૫૦૦/–તથા કવાલીસ મોટર કાર–૧ કિંમત રૂ.૪,૦૦,૦૦૦/– તથા મોટર સાઈકલ નંગ–૨ કિંમત રૂ.૪૦,૦૦૦/–ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૪,૫ મુજબના શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે:

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદા નં.૧ :-</u>**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિ:શંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ ધ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) સદરહું કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી એ.એસ.આઈ.ભાવેશભાઈ ભગવાનજી ભાઈ સાગઠીયા તથા અન્ય પોલીસ સાહેદોએ ફરીયાદીની ફરીયાદ મુજબનો પુરાવો આપેલ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષે તપાસેલા પંચો હોસ્ટાઈલ થયેલ છે.

(૧૦) ફોજદારી કાયદામાં, પંચની જુબાની કયારેક પ્રતિકુળ થઈ શકે છે અથવા ફરીયાદીના કેસને સમર્થન આપવામાં નિષ્ફળ થઈ શકે છે. જો કે, જો ફરીયાદી સહિત અન્ય વિશ્વસનીય સાક્ષીઓ, ફરીયાદપક્ષને સમર્થન આપતા સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય જુબાની પ્રદાન કરે, તો પણ પંચો ના સમર્થન વગર પણ કેસ સાબિત થઈ શકે છે. વડી અદાલતોએ તેમના ઘણા ચુકાદાઓમાં ઠેરાવ્યુ છે કે, પંચ સાક્ષીઓ પ્રતિકુળ થઈ જવાથી ફરીયાદપક્ષનો કેસ આપમેળે નબળો પડી જતો નથી, **<u>પરંતુ શરત એ છે કે, અન્ય વિશ્વસનીય પુરાવા ઉપલબ્ધ હોવા જોઈએ.</u>** નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાઓમાં

ઉપરોકત સિધ્ધાંતને ઠેરવેલ છે જેમાં, **Babu Lal Chauhan v. State of Gujarat (2006)** ના કેસમાં **નામ. ગુજરાત હાઈકોર્ટે** ઠેરવેલુ છે કે, "the evidentiary value of independent witnesses and the complainant can uphold the prosecution's case even if the panch witness does not support it. The prosecution must prove its case beyond reasonable doubt, but this standard can be met with credible evidence from sources other than panch witnesses."

(૧૧) આમ, ઉપરોકત ચુકાદાઓમાં જણાવ્યુ એમ, પંચ સાહેદોનુ સમર્થન ઈચ્છનીય છે, પરંતુ જો રેકર્ડ પરના અન્ય પુરાવાઓ વિશ્વાસપાત્ર હોય તો તે પંચોના સમર્થન વગર પણ ફરીયાદીનો કેસ સાબિત થઈ શકે, જેથી તેનું સમર્થન દરેક વખતે જરૂરી પણ નથી. એવા સંજોગોમાં આરોપીઓને દોષમુકત કરી શકાય નહિ. પરંતુ કોર્ટે ફરીયાદપક્ષના કેસની વિશ્વસનીયતા અને પર્યાપ્તતા નકકી કરવા માટે તેના સંપુર્ણ પુરાવાને ચકાસવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વડી અદાલતોએ વારંવાર ઠેરાવેલ છે કે, ફરીયાદપક્ષનો બોજ દરેક સાક્ષી પર આધાર રાખીને, પરંતુ પુરાવાના સાકલ્યવાદી અને સુસંગત સમુહને રજુ કરીને, વાજબી શંકાથી આગળના કેસને સાબિત કરવાનો છે. જો ફરીયાદીની જેમ અન્ય સ્વતંત્ર સાક્ષીઓની જુબાની વિશ્વસનીય, સુસંગત અને મોટા વિરોધાભાસોથી મુકત હોય, તો તે ઘણીવાર કેસ સાબિત કરવા માટે પુરતી માની શકાય છે. આમ, જયારે અન્ય નોંધપાત્ર તટસ્થ પુરાવાઓ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતા હોય ત્યારે ફકત પંચો સમર્થન આપતા ન હોવાથી, ફરીયાદીનો સમગ્ર કેસ આપમેળે ખરાબ થઈ જતો નથી. પરંતુ હાલના કેસમાં ફરીયાદીના પુરાવાને અન્ય તટસ્થ સાક્ષીઓનું સમર્થન નથી કારણકે હાલના કેસમાં પોલીસ સાહેદ સિવાય અન્ય તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલ જ નથી. જેથી હાલના કામે પંચોનું હોસ્ટાઈલ થવુ એ પણ ફરીયાદપક્ષના કેસ માટે ઘાતક જ છે.

(૧૨) આમ, આ કામે ફરીયાદપક્ષે ઉપર મુજબ રજુ રાખેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરીયાદીએ સ્ટાફના માણસો સાથે સદર જગ્યાએ રેડ કરેલાનુ જણાવે છે. જયારે આંક–૧૮૭ થી રજુ થયેલા પંચનામાના સાહેદની હાજરીમાં પંચનામું સ્થળ પર થયેલ હોય તેવુ જણાતું નથી. પરંતુ પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલી છે. આમ સદર પંચની હાજરીમાં સદર જગ્યાએ રેડ પાડી તેમજ તેમની હાજરીમાં સદર આરોપીઓની જડતી કરી રોકડ રકમ કે જુગારનુ સાહિત્ય જપ્ત કરી આરોપીઓની અટક કરેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએ અનેક માણસોની અવર જવર ચાલુ હોવાનુ પણ જણાઈ છે. જેથી તે સ્થળ જોતા સ્વતંત્ર સાહેદો આસાનીથી મળી આવી શકે તેમ હોવાં છતાં આ કામે માત્ર પોલીસના માણસોને જ સાહેદ તરીકે લેવામા આવેલ છે. શા માટે આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલા નથી. આ સંજોગોમાં પંચસાહેદ સ્વતંત્ર સાહેદ છે તેઓ જયારે રેડ વાળા બનાવને સમર્થન કરતા નથી કે તેમની હાજરીમાં કોઈ આરોપીઓની જડતી તપાસ કરી જુગારનુ સાહિત્ય કે રોકડ રકમ સાથે આરોપીઓને અટક કરેલા હોય તેવુ જણાઈ આવતુ નથી. તેથી પોલીસે સાહેદોના જણાવ્યા મુજબની રેડવાળો આખો બનાવ શંકાસ્પદ બની રહે છે. આમ, ફરીયાદ મુજબ રોકડ રકમ, જુગારના સાધનો તથા અન્ય મુદામાલ પંચોની હાજરીમાં કબજે કરવામા આવેલ પરંતુ પંચ સમર્થન આપતા ન હોઈ તેમની હાજરીમાં મુદામાલ કબજે કરેલ હોય તે હકીકત સાબિત થતી નથી. આ કામના ફરીયાદી તથા સાહેદો પોલીસ કર્મચારી હોઈ તેઓ આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર થાય તેમાં રસ ધરાવતાં હોય છે. જેથી માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી.

(૧૩) વધુમાં, ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને ફરીયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજજડ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર

કરવો જોઈએ. આરોપીઓ ઉપર તે પોતે નિદોર્ષ છે તેવુ સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહી.

(૧૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) આથી, સદરહું કામના ઉપરોકત મથાળે લખ્યા આરોપીની વિગતમાંના તમામ આરોપીઓને જુગાર ધારાની કલમ-૪,૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ-૨૩૨ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામે આરોપીઓએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ અંગે કરવામા આવેલ વચગાળાના હુકમો આથી કાયમ રાખવામા આવે છે. તથા મુદામાલ પાવતીમાં દર્શાવેલ રોકડ રકમ રાજયસાત કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, અન્ય બિન કિંમતી મુદામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ-૦૮, માહે-એપ્રીલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૮/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ01554**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર જી. દેવભુમિદ્વારકા.**